SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 42. વઢીયાર પંથકનું લોકજીવન અને લોકસંસ્કૃતિ

વણકર રેણુકા એમ

સારાંશ:

વઢીયાર પંથકમાં રહેતા માનવ સમુદાયનું જીવન સરળ અને સાદગી ભર્યું છે. અહીંના લોકોનું લોકજીવન ઘણું બધું અનોખું છે. આખો વઢીયાર પંથક ઉત્સવો, મેળાઓ, તહેવારોને હોંશભેર ઉજવે છે. અહીંનું સમાજજીવન જ એક ઉત્સવ છે. સૌ સાથે મળીને સંપથી રહેવાવાળી આ પ્રજા એકબીજાને મદદરૂપ થઈ સંકટને નિવારે છે. વઢીયાર પંથક કુદરતી આફતો જેવી કે દુષ્કાળ, ભૂકંપ, અતિવૃષ્ટિ, રણના આંધી તોફાનો , વાવાઝોડાથી ટેવાયેલા છે. આવી કુદરતી આફતોમાં એકબીજાની પડખે રહી હુંફ આપી જીવતો વઢીયાર સમાજ સહજ ઘડાઈ ગયેલો છે. બીજાના દુખે દુ:ખી થનારી પ્રજામાં ભાઈચરાની ભાવના વિશેષ દેખાય છે. ભટક્યા ને આશરો, ભૂખ્યાને રોટલો અને તરસ્યાને પાણી આપવામાં વઢીયાર પંથક ક્યારેય પાછો પડ્યો નથી. વટેમાર્ગુંઓ ,પ્રવાસીઓ , સાધુ-સંતો, યાત્રીઓના અનુભવો એ વાતની સાક્ષી પૂરે છે. ડગલે ને પગલે ધાર્મિક સ્થાનો અને આશ્રમોમાં પરોપકારના કામો કરતા વઢીયારી લોકોએ આ કાર્યને પોતાના જીવનમાં વણી લીધું છે. અહીંની દરેક જ્ઞાતિમાં સામાજિક વિવિધતા છે તેમ હોવા છતાં પણ તેમના માનવીય મૂલ્યો અને સિદ્ધાંતો એકસરખા છે. વઢીયાર પંથકમાં વસતા લોકો જ્ઞાતિથી અલિપ્ત રહી માનવ ધર્મની જ્યોતિમાં વધુ માને છે. સામાજિક એકતા સાથે બહુજનહિતનું વલણ 'વઢીયારી લોક સંસ્કૃતિ'નું આગવું લક્ષણ છે.

પઢીયાર પંથકના તમામ સમાજો પિતૃસત્તાક સંયુક્ત કુટુંબમાં રહે છે. ઘરની તમામ જવાબદારી પિતાના શિરે હોય છે. તેમના બાદ જેષ્ઠ પુત્ર ઘર-પરિવારની જવાબદારી ઉપાડે છે. અહીં મોટાભાગના ખેડૂત કુટુંબો છે. કુટુંબના તમામ સભ્યો ખેતીકામ તથા પશુપાલનમાં પોતપોતાની રીતે કામ કરતા હોય છે. અહીંના લોકો ગાર-માટીના દેશી નળિયાના ઘરમાં રહેતા હતા જે હવે સિમેન્ટના ધાબાવાળા પાકા મકાનોમાં રહેવા લાગ્યા છે પરંતુ આ મકાનોની બનાવટ જુના માટીના મકાનો જેવી જ છે. બે ઓરડા, ઓસરી અને મોટા ફળિયાવાળા મકાનો અહીં વિશેષ જોવા મળે છે. રણકાંઠાના ગામડા તેમજ અન્ય અંતરિયાળ વિસ્તારોમાં હાલમાં પણ લોકો કાચા માટીના મકાનોમાં રહે છે. માટીના મકાનોને લગ્ન પ્રસંગે અથવા તો દિવાળી સમયે છાણ માટીથી મિશ્રણ કરેલા ગારાથી લીંપવામાં આવે છે. તેની દીવાલો ખળી-ચૂનાથી રંગવામાં આવે છે. આવા ઘરોમાં કોતરણીવાળા પટારા, પાણીયારું, હાથઘંટી, આભલા થી ભરેલા અનાજ સંગ્રહ કરવાના ગઢાં, ચૂલા, બારી બારણા, તાંબા પિત્તળના વાસણો વગેરે ઘરની શોભામાં વધારો કરે છે. સાંપ્રત સમયમાં આધુનિકતાના રંગે રંગાયેલા લોકો જોવા મળે છે જેથી એના પ્રભાવરૂપે લગભગ પ્રત્યેક ઘરની અંદર ઇલેક્ટ્રોનિક વસ્તુઓ સવિશેષ જોવા મળે છે.

વઢીયાર પંથકમાં વસતા તમામ સમાજના લોકોનો પહેરવેશ અલગ અલગ છે અથવા તો તેમાં વિવિધ ખાસિયતો છે. હિન્દુ પુરુષોના પહેરવેશમાં ધોતી અને કેડિયું, ધોતી અને પહેરણ, ઢીવડો (ઓછાડ) અને પહેરણ કે પછી બંડી પહેરે છે. તેઓ માથે નાનું મેખણીયુ અથવા તો પાઘડી બાંધે છે. સ્ત્રીઓમાં ઓઢણી, સાડલા અને પછેડાનું ઓઢણું હોય છે. ઘેરવાળો ઘાઘરો, કબજો, કાપડું અને પહેરણ પણ પહેરે છે. મુસ્લિમ પુરુષોના પહેરણમાં ઝભ્ભો, લેંઘો અને માથે ટોપી અથવા રૂમાલ જેવડો નાનો કાપડનો ટુકડો રાખે છે. જ્યારે મુસ્લિમ સ્ત્રીઓમાં પંજાબી ડ્રેસ બુરખો પહેરે છે.

પુરુષોનો સામાન્ય પહેરવેશ ધોતી છે છતાં પણ રંગ અને ભરતકામની બાબતમાં ઘણી વિવિધતા જોવા મળે છે. રબારી સમાજના પુરુષો સફેદ ધોતી જ પહેરે છે, જ્યારે ભરવાડ સમાજના લોકો સફેદ, લીલી ,લાલ જેવા રંગોની અલગ અલગ ધોતી પહેરતા હોય છે, જેને બોરી કહે છે. તેમની ધોતી ભરતકામથી ભરેલી હોય છે જે બીજા કોઈપણ સમાજના લોકો પહેરતા નથી. રબારી સમાજના પુરુષોના કેડિયા કે પહેરણમાં ભરતકામ નથી જ્યારે ભરવાડ, આહિર, ચારણ સમાજમાં અંગરખામાં પણ ભરતકામ હોય છે. અહીં રબારી, ચૌધરી, નાડોદાની

પાઘડી સફેદ જેવી લગભગ એકસરખી હોય છે, જ્યારે ભરવાડ સમાજની પાઘડીની કિનારીઓ પર ભરત ભરેલા લાલ પટ્ટા હોય છે. રબારી સમાજની સ્ત્રીઓનો પહેરવેશ મુખ્યત્વે કાળા રંગનો હોય છે, જ્યારે ભરવાડ સમાજની સ્ત્રીઓનો પોશાક એકદમ ભાતીગળ છે. અહીં રબારી, ભરવાડ અને આહિર સ્ત્રીઓનું ભરતકામ વખણાય છે. અન્ય સમાજની સ્ત્રીઓનો પોશાક પંચરંગી હોય છે. હાલના સમયમાં યુવાવર્ગે પરંપરાગત પોશાકને છોડ્યો છે જેથી પોશાકની દ્રષ્ટિએ બધાની મૂળભૂત ઓળખાણ હતી તે વિસરાતી જાય છે. હાલનો વઢીયારી યુવા વર્ગ પેન્ટ શર્ટ, ટી-શર્ટ તેમજ વેસ્ટર્ન કપડાઓ પહેરવા લાગ્યા છે જેમાં પશ્ચિમીકરણ દેખાય છે આમ આધુનિકતા છતિ થાય છે.

વઢીયાર પંથકમાં આભૂષણોનું પણ એક અલગ મહત્વ રહેલું છે. દીકરીને સાસરે વળાવે ત્યારે, જમાઈ જ્યારે પ્રથમ વખત સાસરીમાં આવે ત્યારે, પુત્ર કે પુત્રીના જન્મ ઉપર, જીયાણા વગેરેમાં સાધુ-સંતોને ભેટમાં સોના ચાંદીના ઘરેણા આપવાનું વલણ છે. અહીં દરેક સમાજના ઘરેણાંઓ બનાવટની દ્રષ્ટિએ એકબીજાથી ભિન્ન છે. પુરુષો સામાન્ય રીતે વીંટી, દોરા, લકી, કડું જેવા આભૂષણો પહેરે છે. રબારી અને ભરવાડ સમાજના પુરુષો હાથમાં ચાંદીના કડા, કેડે કંદોરો, કાનમાં સોનાના ઠાંસીયા તેમજ દાણા અને કેડિયામાં ચાંદીની સેરો પણ રાખે છે. ઠાકોર સમાજના પુરુષો કાનમાં ગોખરુ, ઝોલા અને મરચિયુ પહેરે છે. અહીંની સ્ત્રીઓ પરંપરાગત આભૂષણો પહેરે છે. તમામ સમાજની સ્ત્રીઓ સામાન્ય રીતે ચૂડી, બંગડી, બુટ્ટી, ચુની, દોરો, મગમાળા ,વીંટી ,થાપા, ઝાંઝરી અને સવેટીયા પહેરે છે. રબારી સમાજની સ્ત્રીઓના હાથના આભૂષણોમાં હાથીદાંતની બનાવટના બલોયા, ચાંદીની ચુડીઓ ,થાપા, ઘોડો વીંટી, આંટી ઠેસો, વેઢ, લોકેટ, ગોલાડોડી જવલિયો તેમજ સોનાના કડાંનો સમાવેશ થાય છે. પગમાં ચાંદીના કડલા, તોડા, છડા, કાંબીયુ, રમજુ, પગપાનો, કૈડો, અંગૂઠિયા અને કાનના ઘરેણામાં ઓઘનિયા, અગોટો (ત્રોટી) પોખાની, ડોયણા, ઝુમ્મર, બુટ્ટી, કાનકડી, દાણો વગેરે જેવા રબારી ઘાટનાં ઘરેણાં પહેરે છે. ગળાના ભાગે દાણીયુ, મગમાળા, શેરૂ, રામનામી, પઈહાર, ડોડી તેમજ માથામાં બોર ઝરમેર અને શેલરી જેવાં આભૂષણો નો સમાવેશ થાય છે.

વઢીયારના લોકોનો મુખ્ય આહાર બાજરી-ઘઉંના રોટલા, શાક-કઢી અને દૂધ-છાશ છે. આ લોકો મહદઅંશે દૂધની બનાવટો ખાતા હોય છે. અહીંના લોકો કામકાજ અર્થે જતાં પહેલા સવારમાં  બાજરીના રોટલા સાથે ડુંગળી કે મરચાંની ચટણી, છાશનો વઘાર, ચા-દૂધ વગેરેનું 'શિરામણ' કરે છે.  રાત્રિમાં ભોજન માટે  'વાળું' એવો શબ્દ પ્રયોગ વાપરે છે. વઢીયારમાં ઘઉં અને ચણા વધુ પાકે છે જેથી ઘઉંની સિઝનમાં લીલા કણસાને શેકી પોંક પાડી ખાય છે. સમગ્ર વઢીયાર પંથકમાં ચણાની સિઝન વખતે લીલા ચણાની દાળનું ખૂબ જ ચલણ છે. આ સમયમાં, અહીંયાનો યુવાવર્ગ મિત્ર વર્તુળ સાથે ગામની સીમમાં જઈ લીલાં ચણાની દાળ બનાવીને ખાતા હોય છે. બધાં મિત્રો સાથે મળી વાતો કરતાં કરતાં આનંદ સાથે આ સીઝનને ઉજવે છે.

વઢીયારી લોકોનો મૂળભૂત સ્વભાવ નિખાલસ છે. એ લોકો પાડોશમાં આવેલ મહેમાનોને આવકારે છે. આ મહેમાનોને પહેલાં પાણી અને ચા આપી સ્વાગત કરવામાં આવે છે. 'અતિથિ દેવો ભવ'ની ભાવના આજે પણ અહી અકબંધ છે. ઘરમાં કે પાડોશમાં આવેલ મહેમાનની મહેમાનગતિ કેવી રીતે કરવી એ વઢીયાર ધરતીની ખૂબી છે. તેની આગતા-સ્વાગતા કે ખાવા-પીવા અને રહેવાની જેવી વ્યવસ્થાઓમાં અહીંયા ના લોકો ખડે પગે સેવા-ચાકરી કરે છે. જ્યારે મહેમાનની વિદાય થતી વખતે ગામના લોકો ગોંદરા સુધી વળાવવા જતાં હોય છે. જાણે કે રિવાજ હોય તેમ મહેમાન નવાજી કરવાની પરંપરા વઢીયાર પંથકમાં આજે પણ છે. કહેવાય છે કે 'મોંઘેરી મહેમાનગતિ કરાવવી હોય તો વઢીયારમાં જાવ' જેવી  લોકોક્તિ પ્રચલિત છે.

વઢીયાર માં તહેવારોની ઉજવણી ભરપૂર રીતે થાય છે. દિવાળી, હોળી ધુળેટી, શિવરાત્રી કે નવરાત્રી, જન્માષ્ટમી, ગણેશચતુર્થી યા રામનવમી જેવાં તહેવારો આનંદપૂર્વક ઘેર ઘેર ઉજવાય છે. એનાથી વિશેષ માતાજીના માંડવા, રમેલ (જાતર) પલ્લીઓ, જોખણુ અને વ્રતોમાં આનંદોત્સવ હોય છે. દરેક ગામડાંના પોતાના આગવાં દેવ યા દેવી હોય છે. જેમને ઘરનાં બનાવેલ નૈવેદ્ય તેમને નથી ચડતાં પણ માતાના સ્થાનકે યા કોઈ એક જગ્યાએ બનાવી ચડાવે છે. ગામની સ્ત્રીઓ સાથે મળી ગામથી દૂર આવેલ વાડાઓ, ગૌચરોમાં જઈ સુડલો ભરી લાવેલ કાચા સીધામાંથી નૈવેદ્ય બનાવે છે. માતાજીને ધૂપ દીપ કરી પ્રસાદી ત્યાં જ વહેંચી દે છે. ત્યાં એવો રિવાજ મનાય છે કે પ્રસાદી ઘરે લાવવી નહીં, નૈવેદ્યમા ચડાયેલ કે એંઠા વાસણો પણ ત્યાં જ સાફ કરી લેવાય છે. ઘરે એ જ રીતે બળેવના દિવસે લોકદેવતા ક્ષેત્રપાળ ગોગા મહારાજની પૂજા કરવામાં આવે છે. અહીં ગોગા મહારાજને કાપડમાંથી બનાવેલ ઘોડો ચડાવવામાં આવે છે તથા સુખડીનો પ્રસાદ ધરાવે છે. હનુમાનજીને અડદના વડાં અને લાડુનો મળેદો, સાયણા માતાને ખીર, ગોગા મહારાજને સુખડી, વચ્છરાજદાદા અને જોગણી માતાને ચોખાનો પ્રસાદ ધરાવે છે. આમ, વઢીયાર પંથકના તમામે તમામ ગામોની રક્ષા કાજ ગામના સીમાડા અને પાકોના રક્ષણ માટે ગ્રામ્ય દેવતાને મનાવવા ભક્તિભાવ સાથે નૈવેદ્ય ચડાવી પૂજા કરવામાં આવે છે.

જન્માષ્ટમી એ કૃષ્ણ જન્મોત્સવને આખું વઢીયાર પંથક હર્ષોલાસથી ઉજવે છે. આ 'વઢિયારી લોક સંસ્કૃતિ'ના દર્શન કરાવતો મુખ્ય તહેવાર છે. ખાસ કરીને સ્ત્રીઓમાં વધુ ઉત્સાહ છલકાય છે. ગોકુળ આઠમના દિવસે દરેક માતા પોતાના પુત્રને કાનુડાના રૂપમાં જોતી હોય છે. સ્ત્રીઓ જે ઉત્સવ પોતાના પિયરમાં ઉજવે છે એ એકમાત્ર તહેવાર છે જન્માષ્ટમી.

વઢીયાર પ્રદેશ જેવાં પંથકમાં દીકરા દીકરીના લગ્ન પોતાના જ સમાજમાં કરવામાં આવે છે. બીજા સમાજમાં કરેલ લગ્ન માન્ય ગણાતા નથી. સમાજ તેને સ્વીકૃતિ આપતો નથી. લોહીનો સંબંધ હોય ત્યાં એ ગોત્રમાં લગ્ન ના થાય. સામાજિક પ્રસંગોમાં લગ્ન-પ્રસંગને ધામધૂમથી કરવામાં આવે છે. મામેરુ, મોસાળું, જીયાણું, બોલામણું જેવા સામાજિક વ્યવહારોનું ખૂબ જ મહત્વ છે. લગ્ન પ્રસંગે વેવાઈ પક્ષને પહેરામણી તથા ફોઈ-ફુવા, બહેન-બનેવીને પહેરામણી કરવામાં આવે છે, જેમાં કપડાં અને રોકડ રકમ આપે છે. લગ્નમાં કન્યા પક્ષ તરફથી વરપક્ષને 'શીખ' આપવામાં આવે છે. જેમાં સ્ટીલ યા પિત્તળનો મોટો ગોળો ભરી મીઠાઈ, સાકર, પતાસા, મુખવાસ અને ગોળ આપવામાં આવે છે. આ પંથકમાં કોઈપણ સારા-નરસાં પ્રસંગ હોય તો પણ ત્યાં વહેવાર થતાં જ હોય છે. ગામમાં યા સંબંધમાં કોઈ વ્યક્તિ બીમાર હોય કે પ્રસૂતિના પ્રસંગ હોય ત્યારે પણ બધાં સાથે ભેગાં થઈ જઈ ઘરે બોલામણ જાય છે, ખબર અંતર પૂછી 'બોલામણ'નો વ્યવહાર પણ આપે છે. માન સાચવે છે. તેમાં કપડાં જેમાં સ્ત્રીને સાડી, પુરુષ આવે તો પેન્ટ પીસ ને છોકરાં સાથે હોય તો રોકડ રકમ આપે છે. મરણ વખતેના પણ વ્યવહારો જાળવે છે. જે ટેકા રૂપે કરે છે. સ્ત્રીનાં મરણ પછી મેણ-મામેરું પિયર પક્ષ ભરે છે. જેમાં સાસરીના કુટુંબ પરિવારનાં પ્રત્યેક વ્યક્તિ નાનાથી માંડી મોટેરાંઓ સુધીનો વહેવાર કરે છે. સ્ત્રીનાં મરણ પછી' ના વહેવારને ગોયણી ' કહે છે. જેમાં રોકડ રકમ આપે છે. તેમજ ધર્મરાજાની વાતના સાસરવાહાનો વ્યવહાર બાકી હોય તો તેમાં કપડાં, પગરખાં,તાવેણ, છાબડી, કાંસાનુ વાટલું આપે છે. પુરુષના મરણ પછી વિધવાને તેના પિયરમાંથી રોકડ રકમ અને કપડાં આપવાનો રિવાજ છે. જેને 'મોસેણી' કહે છે. વિધવાને પોતાના પિતાના ઘરની ચાંદીની માઠડીયું આપે છે. મરણ પછીના વ્યવહારોની સામાન્ય રીતે અહીં 'ભાતી' કે 'કપડા' કહે છે.

વઢીયાર ( પાટણ) પંથકમાં ઉજવાતા તમામે તમામ સનાતન તહેવારો, ધાર્મિક ઉત્સવો, સામાજિક પ્રસંગોમાં લોક સમુદાય પોતપોતાની ભૂમિકા મુજબ સામાજિક વ્યવહારો કરે છે. આ રિવાજોને અહીં ધર્મની દ્રષ્ટિએ જોવામાં આવે છે. આવા રિવાજો ભાઈચારાની ભાવના તેમજ સામાજિક એકતા બતાવે છે. વટ- વચન -વ્યવહારથી વઢીયાર પંથકની આગવી ઓળખ ઊભી થાય છે.

**સંદર્ભ સૂચિ:**

૧.'વાતો ધરા વઢીયારની' - રાઘવ વઢીયારી
૨.'વઢીયારની વાર્તા' - ડો. કિશોર ઠક્કર.